
# રાજ્યનું ધોરણ-૧૨ સાયન્સનું ૮૧.૮૯ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૭માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનુ પરિણામ આજે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું. ગુજરાતનું ધોરણ ૧૧-૧૨ના વિજ્ઞાન પ્રવાહનું સમગ્ર સંકલિત પરિણામ ૮૧.૮૯ ટકા જાહેર કરવામાં આવ્યું હતું. માર્ચ મહિનામાં વિજ્ઞાન પ્રવાહના ચોથા સેમેસ્ટરમાં રાજ્યમાં કુલ ૧૩૮૭૨૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે પૈકી ૧૧૩૫૯૮ વિદ્યાર્થીઓ પાસ જાહેર કરવામાં આવ્યા છે. ૯૮.૭૭ ટકા સાથે ગોંડલ સૌથી વધુ પરિણામ ધરાવતુ કેન્દ્ર બની ગયુ છે. ખાસ બાબત એ છે કે ગયા વર્ષે પણ ગોંડલ જ વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર રહ્યું હતું. સતત બીજા વર્ષે ગોંડલ સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર રહ્યું છે. સિલવાસા ૩૯.૦૯ ટકાના પરિણામ સાથે સૌથી ઓછુ પરિણામ ધરાવતુ કેન્દ્ર રહ્યુ છે. જ્યારે સૌથી વધારે પરિણામ ધરાવનાર જિલ્લા તરીકે બોટાદ રહ્યો છે. બોટાદનુ પરિણામ ૯૪.૦૨ ટકા રહ્યુ છે. સૌથી ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો છોટા ઉદેપુર રહ્યો છે. તેનુ પરિણામ ૫૧.૫૪ ટકા રહ્યુ છે. આ વખતે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૧૧૮ નોંધાઈ છે. આવી જ રીતે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૦ ટકા કરતા ઓછુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૪૪ નોંધાઈ છે. ધારણા પ્રમાણે જ આ વખતે પણ ગુજરાતી માધ્યમની તુલનામાં અંગ્રેજી માધ્યમનુ પરિણામ વધારે રહ્યુ છે. અંગ્રેજી માધ્યમનુ પરિણામ ૮૪.૮૭ ટકા રહ્યુ છે. જ્યારે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનુ પરિણામ ૮૧.૬૧ ટકા રહ્યુ છે. ગુજરાતના શિક્ષણ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સવારે ૧૦ વાગ્યાની આસપાસ ગાંધીનગર ખાતે પરિણામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

અત્રે નોંધનીય છે કે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષા ૧૫મી માર્ચથી શરૂ થઈ હતી. પરીક્ષામાં કોઈપણ જાતની ગેરરીતિ વિના શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા યોજાય તે માટે આયોજન કરવામાં આવ્યું હતુ.શિક્ષણ મંત્રીએ જિલ્લા કલેકટરઓને આ પરીક્ષાઓ શાતિમય વાતાવરણમાં યોજાય તે માટે સંપૂર્ણ આયોજન કરવા સુચના આપી હતી. આ તૈયારીઓને આખરી ઓપ આપવા અંગે રાજયના તમામ કલેકટરઓ, પોલીસ કમિશનરઓ, જિલ્લા પોલીસ અધિક્ષકઓ, જિલ્લા શિક્ષણાધિકારીઓ તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ સાથે નવીમીએ વિડિયો કોન્ફરન્સ ધ્વારા સમીક્ષા કરવામાં આવી હતી. આ વર્ષે ધોરણ-૧૦મા કુલ ૧૧,૦૨,૬૨૫ વિદ્યાર્થીઓ, ધોરણ.૧૨માં સામાન્ય પ્રવાહમાં કુલ ૫,૧૪,૯૬૫ વિદ્યાર્થીઓ તથા ધોરણ.૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં કુલ ૧,૪૧,૫૦૩ વિદ્યાર્થીઓ તથા સેમેસ્ટર-૨ વિજ્ઞાનપ્રવાહના ૧૩૨ વિદ્યાર્થીઓ એમ કુલ ૧૭,૫૯,૨૨૫ જેટલા વિદ્યાર્થીઓ હતા. રાજયભરના કુલ ૧૫૦૭ પરીક્ષા કેન્દ્રો અને ૬૦,૨૨૯ જેટલા બ્લાક ઉપર ૧૦૦ ટકા સીસીટીવી કેમેરા ટેબલેટસના કવરેજ સાથે પરીક્ષા લેવામાં આવી હતી. ચાલુ વર્ષે પણ સતત બીજીવાર જેલના કેદીઓ માટે પણ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતુ. ધોરણ.૧૦માં ૧૪૩ તેમજ ધોરણ.૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૫ જેટલા કેદીઓ સાથે કુલ ૧૭૮ કેદીઓ પરીક્ષા માટે નોંધાયા હતા.ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામેને લઈને પહેલાથી જ ભારે ઉત્સુકતા પ્રવર્તી રહી હતી.



સમગ્ર રાજયમાં કાળઝાળ ગરમીથી જનજીવનમાં સુનકાર પ્રવર્તી ગયો છે. આમ નાગિરકો કામ સિવાય બહાર નિકળવાનુ ટાળે છે. ત્યારે આકરી ગરમીમાં લગ્ન પ્રસંગ પણ કપરી કસોટીરૂપ બની જાય તેવી સ્થિતિ સર્જાય છે. ત્યારે ગરમીમાં પણ તરોતાજા રહેવા માટે હવે એ સી હોલની સાથે એસી સોફાનો ટ્રેન્ડ શરૂ થયો છે. ગાંધીનગરના ડી પી એર ઈન્ડસ્ટ્રીઝના દશરથ પટેલે એ સી સોફાનુ નિર્માણ કરી લગ્નસમારંભના આયોજકોની ચિંતા પણ હળવી કરી દીધી છે. સે-૧૬ રંગમંચ ખાતે ગઈકાલે યોજાયેલા એક લગ્ન સમારંભમાં વર કન્યા માટે એ સી સોફાનો ઉપયોગ કરાયો હતો. લગ્નમાં પ્રથમવાર એ સી સોફા નિહાળીને મુલાકાતીઓ પણ બે ઘડી દંગ રહી ગયા હતા.

## વિદ્યાર્થીઓ સામે વિદ્યાર્થીનીઓ પાછળ

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૭માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનુ પરિણામ આજે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું. ગુજરાતનું ધોરણ ૧૧-૧૨ના વિજ્ઞાન પ્રવાહનું સમગ્ર સંકલિત પરિણામ ૮૧.૮૯ ટકા જાહેર કરવામાં આવ્યું હતું. આ વખતે પણ એકંદરે વિદ્યાર્થીઓએ બાજી મારી લીધી છે. એકબાજુ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની ટકાવારી ૮૨.૦૬ ટકા રહી છે. જ્યારે વિદ્યાર્થીનીઓની ટકાવારી ૮.૧૬૦ ટકા રહી છે જે દર્શાવે છે આ વખતે પ્રવાહ બદલાયો છે અને આ વખતે વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીનીઓ કરતા આગળ નીકળીને બાજી મારી લીધી છે. સેમેસ્ટર માર્ચ-૨૦૧૬માં વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓ ખૂબ આગળ રહી હતી. વર્ષ ૨૦૧૬માં વિદ્યાર્થીઓનું પરિણામ ૭૭.૯૭ ટકા રહ્યું હતું. જ્યારે વિદ્યાર્થીનીઓનું પરિણામ ૮૦.૯૫ ટકા રહ્યું હતું પરંતુ આ વખતે વિદ્યાર્થીઓએ વધુ શાનદાર દેખાવ કર્યો છે.

## પરિણામની હાઈલાઈટ્સ

| | |
|---|---|
| એકંદરે પરિણામ | ૮૧.૮૯ ટકા |
| વિદ્યાર્થીઓનુ પરિણામ | ૮૨.૦૬ ટકા |
| વિદ્યાર્થીનિઓનુ પરિણામ | ૮૧.૬૦ ટકા |
| કુલ પરીક્ષા કેન્દ્રો હતા | ૧૩૫ |
| કુલ વિદ્યાર્થીઓ નોંધાયા હતા | ૧૪૧૯૮૪ |
| પરીક્ષામાં ઉપસ્થિત વિદ્યાર્થી | ૧૩૮૭૨૭ |
| પાસ થયેલા વિદ્યાર્થી | ૧૧૩૫૯૮ |
| ગેરહાજર વિદ્યાર્થીઓ | ૩૫૨૩ |
| સૌથી ઓછુ પરિણામ ધરાવતું કેન્દ્ર | સિલવાસા(૩૯.૦૯ ટકા) |
| સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો | બોટાદ(૯૪.૦૨ ટકા) |
| સૌથી ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો | છોટા ઉદેપુર (૫૧.૫૪ ટકા) |
| ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ | ૧૧૮ |
| ૧૦ ટકા કરતા ઓછુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા | ૪૪ |
| એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ | ૫૮૯ |
| એ-૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ | ૫૧૭૯ |
| અંગ્રેજી માધ્યમનુ પરિણામ | ૮૪.૮૭ ટકા |
| ગુજરાતી માધ્યમનુ પરિણામ | ૮૧.૬૧ ટકા |
| એ ગ્રુપના ઉમેદવારોનુ પરિણામ | ૮૪.૮૧ ટકા |
| બી ગ્રુપના ઉમેદવારોનુ પરિણામ | ૭૯.૩૫ ટકા |

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના રજત જયંતિ મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

છેલ્લા ૨૫ વર્ષોથી માનવતાના ધોરણે સમાજલક્ષી પ્રવૃત્તિઓ કરતી સંસ્થા સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર તેનો રજતજયંતિ મહોત્સવ ઉજવી રહી છે.

ફેબ્રુઆરી ૧૮ના સંદર્ભેપુરા થતાં રજતજયંતિ વર્ષ દરમિયાન યાદગાર એવો સ્મૃતિગ્રંથ તેમજ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ જેવી કે આરોગ્ય વિષયક, શિક્ષણ વિષયક ગરીબ તેમજ વંચિતો માટેની, બાળકો તેમજ બહેનો માટેની તથા વરિષ્ઠ નાગરિકો માટેની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું વર્ષભેર માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમગ્ર આયોજન માટે સંકલન સમિતિ, પ્રકાશન સમિતિ, પ્રચાર-પ્રસાર સમિતિ, સભાગૃહ સંચાલન સમિતિ, ભંડોળ તથા હિસાબ સમિતિનું જે તે સમિતિના કન્વીનર સાથે સભ્યોનું આયોજન કરવામાં આવ્યું છે.



### કારચાલકે કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો

ગાંધીનગરના રાજમાર્ગો પર અકસ્માતોની સંખ્યામાં દિન પ્રતિદિન ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. નગરના મુખ્ય માર્ગો પર નિયત કરવામાં આવેલ ગતિમર્યાદાનું વાહનચાલકો દ્વારા પાલન કરાતુ નથી જેના પ્રતાપે અકસ્માતો સર્જાઈ રહ્યાં છે. જેનો ભોગ કેટલીકવાર નિર્દોષ રાહદારીઓ તથા અન્ય નાગરિકો પણ બની રહ્યાં છે. આજે સાંજના સુમારે 'ચ' માર્ગ પર વિધાનસભા નજીક એક વૈભવી કાર ચાલકે કારની બેફામ ગતિ સાથે કાર પરનો કાબુ ગુમાવતા કાર ફંગોળાઈને ફૂટપાથ પર થઈ એક ઝાડ સાથે ટકરાતા કારનો ડૂચો વળી ગયો હતો. કારમાં સવાર બે વ્યક્તિઓને ઈજા થતા તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ અકસ્માતમાં ઝાડની નજીક ઉભેલા કેરી વેચતા વેપારી પરિવારનો આબાદ બચાવ થયો હતો.

## તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

કાં તો કીડની કામ કરતી બંધ થઈ જાય ? કાં તો દર્દીને કોમામાં સરી પડે છે અને કોઈ વખતે હૃદય ઉપર પણ એની અસર જોવામાં આવે છે. પણ આ કમળો ક્યો છે તે ટેસ્ટ કર્યા વગર ખબર ન પડે. પણ સાહેબ આ લેબોરેટરીવાળા બહુ જ પૈસા લેતા હોય છે. તો આટલા બધા પૈસા ખર્ચીને આવી તપાસ કરવી એ જરૂરી છે ? ડૉક્ટરે કહ્યું અમારે ક્યા પ્રકારે દર્દીને દવા આપવી એની સમજ અને દર્દીને કેટલા વખતમાં સારું થશે એ જરૂરી છે. ડૉક્ટર સાહેબ આ કમળો સામાન્ય રીતે દરેક ઋતુમાં થતો હોય છે. પણ ખાસ કરીને ઉનાળાની ઋતુમાં કમળાના દર્દીઓ વધારે જોવા મળે છે. હા, ઉનાળાની ઋતુમાં વધારે પ્રમાણમાં કમળાના દર્દીઓ જોવા મળે છે. રમેશભાઈએ ડૉક્ટરને કહ્યુ કે કેમ ઉનાળામાં જ કમળાના દર્દીઓ વધારે જોવા મળે છે ? ડૉક્ટરે કહ્યું આમાં આપણે પોતે જ જવાબદાર છીએ. સામાન્ય રીતે પાંત્રીસ થી ચાલીસ ડીગ્રી સેન્ટિગ્રેડમાં કમળાના વાયરસ સારી રીતે જીવી શકે છે અને ફેલાવો વધારી શકે છે. એમાં અગત્યની વસ્તુ એ છે કે, પ્રદુષિત પાણી. પાણી સાથે સાથે શેરડીનો રસ, પાણીપુરી, બરફગોળા અને છ કલાકથી વધારે જુનું ફુડ (ખોરાક) જેમાં કમળાના જંતુઓ સહેલાઈથી પોતાનો ગ્રોથ ૧૦ ગણો વધારે કરી શકે છે અને એ જ વાત માનવીના શરીરમાં થાય છે. એટલે કે એકવાર મનુષ્યના શરીરમાં કમળાના વાયરસ શરીરમાં દાખલ થાય પછી લીવરમાં રહીને આખા શરીરને તેનો ચેપ લગાડે છે અને દસ થી ત્રીસ દિવસમાં દર્દીને કમળો થાય છે. એટલે ઉનાળામાં આપણે પોતે જ કમળાથી દૂર રહી શકીએ છીએ. એ કેવી રીતે ? એક તો પાણીને ગરમ કરી ફ્રીજમાં ઠંડુ કરી પીવાથી પચાસ ટકા જેટલો કમળો નહીં થવાની શક્યતા વધી જાય છે. એવી જ રીતે કેરીનો રસ, શેરડીનો રસ, તરબૂચનો રસ, બહારના કહેવાતા મિનરલ પાણી, પાણીપુરી, લગ્નમાં ન જમવું અને શક્ય હોય તો ફક્ત દાળ-ભાત સિવાય કશું જ ન ખાવું. તો આવી બધી વાતો તો અગત્યની જ છે એ સિવાય શેરડીનો રસ ખૂબ જ અગત્યનો છે. જેને ક્યારેય ન પીવો જોઈએ. એવી રીતે હોટલમાં બને એટલું ઓછું જવું જોઈએ અને જમવું જોઈએ. હજુ ઘણુંબધું કહી શકાય એમ છે, લખી શકાય એમ છે, પણ જો તમારે વધારે જરૂર હોય તો ઈ-મેલ કરીને વધારે પડતું નોલેજ લઈ શકાય છે. ચેપી કમળો એટલે શું ? ઘરની અંદર એક વ્યક્તિને કમળો થાય તો બીજા ઘરના વ્યક્તિઓને કમળો થવાની શક્યતા સૌથી વધારે હોય છે. એના માટે શું કરવું જોઈએ ? ખરાબ લાગે પણ જે દર્દીને કમળો થયો હોય તેના દર્દીના દરેક કપડાં અને જ્યાં દર્દી જે રૂમમાં રહેતો હોય તે રૂમના બધા જ કપડા એટલે કે ગાંદલા અને ઓશીકા ડેટોલ નાંખી ઉકાળીને રોજ ધોવા જોઈએ. એટલે ટૂંકમાં દર્દી રહેતો હોય તે બધી જગ્યાઓ ઉપર વાયરસથી દૂર રહેવા અથવા તો રાખવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

બધી ટાઈપનો કમળો ઝેરી હોય છે ? હિપેટાઈટીસ - બી અને હિપેટાઈટીસ - સી એ પ્રકારનો કમળો ઝેરી હોય છે. હિપેટાઈસ - એ અને ઈ પ્રમાણમાં ઓછો ઝેરી હોય છે પણ એ નક્કી કરવા માટે સારી લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવા જરૂરી છે.

sgpathlab@gmail.com

### જાહેર હરાજી

ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી દ્વારા તેમની હસ્તકના નીચે જણાવેલ વાહન જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં તા. ૧૯/૫/૨૦૧૭ના રોજ ૧૨.૦૦ કલાકે જાહેર હરાજીથી વેચવામાં આવનાર છે.

વાહનની વિગત :

**(૧) જી.જે.૧૮. જી. ૨૩૯૨ ટાટા સુમો મોડલ-૨૦૦૮ (ડીઝલ)**
**તળીયાની કિંમત (અપસેટ પ્રાઈઝ) રૂ. ૭૦,૦૦૦/-**

હરાજીમાં ભાગ લેનાર ઈસમોએ હરાજીની શરતની માહિતી કચેરી સમય દરમિયાન તા. ૧૨/૫/૨૦૧૭થી ૧૮/૫/૨૦૧૭ દરમિયાન રૂબરૂમાં મેળવી લેવાની રહેશે. તેમજ તા. ૧૨/૫/૨૦૧૭થી તા. ૧૮/૫/૨૦૧૭ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂ. ૨૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) અનામત તરીકે અત્રેની કચેરીની હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે.

હરાજીનું સ્થળ : ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૮/૨, જુના સચિવાલય, ગાંધીનગર ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની ચેમ્બરમાં ફોન નં. ૦૭૯-૨૩૨૫૩૪૩૪, ફેક્સ : ૦૭૯-૨૩૨૫૩૪૩૫

સહી/-
સંયુક્ત રજીસ્ટ્રાર (સુગર)
ખાંડ નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૪૦૯/૧૭-૧૮

# ઘ-૦ સર્કલ નજીક એક માસથી કરાયેલા ખાડા અડચણરૂપ

## ખાડાને કારણે રોડ સાઈડે ગાબડાં પડવાની શરૂઆત થઈ : વાહનચાલકો માટે જોખમરૂપ બનેલા ખાડા સત્વરે પુરવા માંગ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના ઘ-૦ સર્કલ નજીક છેલ્લાં એકાદ માસથી ૧૦ થી ૧૫ ફૂટના ઊંડા ખાડા કરાયા છે. તંત્ર દ્વારા કોઈ મરામત કાર્યને લઈને કરાયેલા આ ખાડાને લાંબો સમય વિતવા છતાં પુરાણ નહી કરાતા આ ખાડા વાહનચાલકો માટે જોખમી અને રાહદારીઓ માટે અડચણરૂપ બનાવા પામ્યાં છે.



પાટનગરના પ્રવેશદ્વારે જ રળિયામણા શહેરની શોભાની થાળીમાં મેખ સમાન ભાસતા બે મોટા ખાડા ઘણા સમયથી જેમના તેમ રહેતા ઘ-૦ વિસ્તારના રહીશો તથા ત્યાંથી પસાર થતા રાહદારીઓ વાહનચાલકો વગેરે માટે માથાનો દુઃખાવો બનવા પામ્યાં છે. આશરે ૧૦ થી ૧૫ ફૂટ ઊંડા આ ખાડાઓ તંત્ર દ્વારા ગટર અથવા અન્ય કોઈ રીપેરીંગ કાર્ય માટે કરાયા હોવાનુ માનવામાં આવે છે પરંતુ આ કાર્ય પત્યુ કે નહી અને જો પત્યુ હોય તો હજુ ખાડા કેમ પુરાતા નથી અને જો ના પત્યુ હોય તો આટલા લાંબા સમયથી એ કાર્ય કેમ પત્યુ નથી તેવા સવાલો નગરજનોને અકળાવી રહ્યાં છે. પાટનગરની સુંદરતાને ઝાંખી પાડતા આ બંને ખાડાઓ અહીંથી પસાર થતા સતત ટ્રાફિક માટે અકસ્માત સર્જી શકે તેવા જોખમી બનવા પામ્યા છે. આ ખાડાઓને કારણે અમદાવાદ તરફના માર્ગ બાજુ વધુ ગાબડાં પડવાની પણ શરૂઆત થઈ ચુકી છે. જેના કારણે તંત્રની બેદરકારી સ્પષ્ટ દેખાઈ આવે છે. સત્વરે આ સ્થળે કામનો ઝડપથી નિકાલ લાવી ખાડા જેમ બને તેમ ઝડપથી પુરી દેવામાં આવે તેવી આ વિસ્તારના નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે.



# અંગ્રેજી માધ્યમનું સૌથી વધુ ૮૪.૮૭ ટકા પરિણામ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૭માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનુ પરિણામ આજે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું. ગુજરાતનું ધોરણ ૧૧-૧૨ના વિજ્ઞાન પ્રવાહનું સમગ્રસંકલિત પરિણામ ૮૧.૮૯ટકા જાહેર કરવામાં આવ્યું હતું. આ વખતે પણ ધારણા પ્રમાણે અંગ્રેજી માધ્યમનું પરિણામ સૌથી વધારે નોંધાયું છે. અંગ્રેજી માધ્યમનું પરિણામ ૮૪.૮૭ ટકા નોંધાયું છે. જ્યારે ગુજરાતી માધ્યમનું પરિણામ એકંદરે ૮૧.૬૧ ટકા નોંધાયું છે. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ બાજી મારી લીધી છે. અંગ્રેજી માધ્યમમાં ૨૬૮૩૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જે પૈકી ૨૬૨૪૭ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત હતા. એ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા અંગ્રેજી માધ્યમમાં ૨૩૮ છે. અંગ્રેજી માધ્યમમાં એટુ ગ્રેડ મેળવનારની સંખ્યા ૧૭૬૫, બી ગ્રેડ મેળવનારની સંખ્યા ૩૦૫૮, બી ટુ ગ્રેડ મેળવનારની સંખ્યા ૩૯૨૩, સી વન ગ્રેડ મેળવનારની સંખ્યા ૫૩૪૫ નોંધાઈ છે.

### જાહેર નિવિદા

**આંગણવાડી કાર્યકર / તેડાગરની ભરતી**
**બાળ વિકાસ યોજના અધિકારીની કચેરી**
**(C/o તાલુકા પંચાયત કચેરી, માણસા) જિલ્લો : ગાંધીનગર : ૩૮૨૮૪૫**

સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી, માણસા હસ્તકના આંગણવાડી કેન્દ્રોમાં કાર્યકર / તેડાગરની બહેનોની ભરતી કરવાની થાય છે તે અંગે નિયત નમુનામાં અરજી માંગવામાં આવે છે.

**કાર્યકરની ખાલી જગ્યાની વિગત કેન્દ્રનું નામ :**

**ખાલી જગ્યા :** (૧) પડુસ્મા - ૧ (પ્રા. શાળાના બાજુમાં) (૨) દેલવાડ-૩ (કૃષ્ણનગર) (૩) સોલયા-૪ (સમૌ રોડ, ચૌધરીવાસ) આનંદપુરા (વેડા) (આનંદપુરા ગ્રામ પંચાયતની બાજુમાં) (૫) ચડાસણા-૧ (ઠાકોરવાસ, સોલંકીવાસની બાજુમાં) (૬) હિંમતપુરા (લા) (પંચાયતની બાજુમાં) (૭) માણસા-૧૪ (સારંગીનગર વૉડ નં.૮) (૮) રાજપુરા-૨ (ગ્રામ પંચાયતની બાજુમાં)

**સંભવિત જગ્યા :** (૧) પુંધરા-૩ (પી.એચ.સી.ની બાજુમાં)

**તેડાગરની ખાલી જગ્યાની વિગત કેન્દ્રનું નામ :**

**ખાલી જગ્યા :** (૧) ફતેપુરા-૧ (ગ્રામ પંચાયતની બાજુમાં) (૨) માણસા-૮ (ઉમેદપુરા વોર્ડ નં.૮( (૩) માણસા-૧૫ (વૉર્ડ નં.૭, હોલીવુડ) (૪) ગુન્મા (ગ્રામ પંચાયતની બાજુમાં) (૫) સોલયા-૪ (સમૌ રોડ, ચૌધરીવાસ) (૬) આજોલ-૪ (ગાયત્રી સોસાયટી, સમાજવાડી સામે)

**સંભવિત જગ્યા :** સોલયા-૧ (આનંદપુરા) (૨) દેલવાડા-૩ (ચરાડા રોડ, અંબાજીચરામાં) (૩) વેડા-૨ (ઠાકોરવાસ પ્રેમપુરા રોડ) (૪) લોદરા-૫ (પરમાર વાસ) (૫) બોરૂ-૩ (શીવપુરા)

**શૈક્ષણિક લાયકાત :**

(૧) અરજીના કવર ઉપર કાર્યકર / તેડાગર એમ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.
(૨) કાર્યકર માટે લઘુતમ ધોરણ-૧૦ પાસ અને તેડાગર માટે ધોરણ-૭ પાસ નક્કી થયેલ છે.
(૩) ઉંમર વર્ષ ૧૮થી ઓછી અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. (જાહેર પ્રસિદ્ધ થયા તારીખ)
(૪) અરજી ફોટા સાથે શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અન્ય લાયકાતના પ્રમાણપત્રો માર્કશીટની પ્રમાણિત નકલો સામેલ કરવાની રહેશે. અધુરી વિગતો સાથે અને સમયમર્યાદા બહાર આવેલ અરજીઓ રદ કરવામાં આવશે. રદ થયેલી અરજીની જાણ કરવામાં આવશે નહીં.
(૫) ફક્ત મહિલા ઉમેદવારે જ અરજી કરવી જે પરિણિત અને ગામના જ સ્થાનિક હોવા જોઈએ. (રેશનકાર્ડ / ચૂંટણી કાર્ડની નકલ)
(૬) લગ્ન નોંધણીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજી સાથે ફરજીયાત સામેલ કરવાની રહેશે.
(૭) આંગણવાડી કેન્દ્ર જે ગામ કે નગરપાલિકા વિસ્તાર / શહેરના ફળિયા, પરા, વૉર્ડમાં આવેલ હોય તેની હદમાં વસવાટ કરતા ઉમેદવારે જ અરજી કરવાની રહેશે.
(૮) આંગણવાડી કેન્દ્રમાં નિમણુંક મેળવનાર કાર્યકર / તેડાગરને સરકારશ્રીના વખતોવખત નિયમ મુજબ માસિક માનદ્ વેતન મળવાપાત્ર રહેશે.
(૯) અરજદજારે ઉમેદવારી પત્ર ગ્રામ પંચાયત, પ્રાથમિક શાળા, આંગણવાડી અને દુધ મંડળી ઉપર જણાવેલ નમુના પ્રમાણે ભરીને દિન-૨૦માં શૈક્ષણિક લાયકાતના અને સાધનીક પુરાવા સાથે રજીસ્ટર એડીથી પોસ્ટ ઓફિસ મારફતે મોકલવાની રહેશે. તે સિવાય સ્પીડ પોસ્ટ / પોસ્ટ / સાદી ટપાલ / કુરીયર કે રૂબરૂ અરજી કવર સ્વીકાર્ય રહેશે નહીં.
(૧૦) પસંદગી અંગેના અધિકારો પસંદગી સમિતિ પાસે અબાધિત રહેશે. પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે. તે અંગે કોઈ વાંધો તકરાર કરી શકાશે નહીં.
(૧૧) આધારકાર્ડની નકલ સામેલ કરવાની રહેશે.

| | |
|---|---|
| સહી/- | સહી/- |
| કે. વી. ભાલોડીયા | એ. એચ. પટેલ |
| પ્રાંત અધિકારી | બાળ વિકાસ યોજના અધિકારી |
| પ્રાંત અધિકારીની કચેરી, કલોલ | આઈ.સી.ડી.એસ. ઘટક માણસા |

માહિતી/૪૦૭/૧૭-૧૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in